# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

○ જૈન યુવક મંડળ ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# જૈન યુવક મંડળ

It encourages, acceptance and tolerance to the diversity of moral, traditional and religious values.

Jain Yuvak Mandal provides finest and dedicated lives to social causes in addition to their business.

દરેક જૈન સંઘોમાં યુવકમંડળો લગભગ ચાલતા હોય છે. જેમાં દરેક એરિયા અને સંઘ પ્રમાણે જુદી-જુદી પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. નાની-મોટી પ્રવૃત્તિઓના કારણે ઘણા નવા-નવા યુવાનો-બાળકો યુવકમંડળમાં જોડાય છે. યુવકમંડળની અનેક પ્રવૃત્તિઓ હોવા છતાં મુખ્ય જે મંડળ સંભાળતા હોય તેની જવાબદારી ઘણી મોટી હોય છે. અવસરે અવસરે નવા નવા આયોજનો મૂક્યા કરવા. યુવાનોને પ્રવૃત્તિઓમાં વિશેષ રસ છે તેથી નીચે પ્રવૃત્તિઓ બતાવવામાં આવે છે. તેમાંથી તમારા સંઘમાં અને યુવકમંડળમાં જે પ્રવૃત્તિઓ યોગ્ય લાગે તે કરી-કરાવી શકાય. દરેક સંઘમાં સારા કાર્યકર્તાઓની સદા જરૂરિયાત હોય છે અને યુવકમંડળમાંથી જે સારા કાર્યકર્તાઓ મળે તે ભવિષ્યમાં ટ્રસ્ટી - પ્રમુખ સુધી પહોંચી જાય છે. તેથી યુવકમંડળની જરૂરિયાત જૈન સંઘને ઘણી છે. આજે પણ જૈનસંઘમાં ઘણા યુવાનો અદ્ભુત સેવા આપી રહ્યા છે. આવા કાર્યોની થોડીક ઝલક અત્રે બતાવવામાં આવે છે.

It aims to achieve specific, measurable, observable and quantifiable results among aspirants.

**(૧) ગ્રામ પ્રવાસ :** જેમ પર્યુષણાદિમાં ૩-૪ વ્યક્તિઓનું ગ્રુપ આરાધના કરાવવા જુદા-જુદા સંઘોમાં જાય છે તેમ એક ૩-૪-૫ યુવાનોનું ગ્રુપ ૧૫-૨૦ કી.મી.ના દૂરના સ્થાનમાં જે સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતની અવર-જવર થતી ન હોય ત્યાં ખાસ

૧ વર્ષ સુધી શક્ય હોય તો દર રવિવારે અથવા Once in a month જવું જોઇએ. તેમાં અનેક કાર્યક્રમ કરી શકાય. જનાર ટીમ ઉપર આધાર છે. નાના બાળકોની શિબિર, અષ્ટપ્રકારી પૂજા કરાવીને બાળકોને ખેંચવા જોઇએ. મોટાઓને પણ જુદા-જુદા વિષયો ઉપર સમજાવી શકાય. સાંજે ભાવનાદિ અને રાત્રે જૈન-અજૈનને ચાલે તેવા રામાયણાદિ વિષયો ઉપર સમજાવી શકાય. સપ્ત વ્યસનત્યાગ કરનારનું જાહેરમાં બહુમાન અથવા એક વર્ષ માટે બાધા લે તેવા વ્યક્તિઓનું બહુમાન કરાવવું. (જિનપૂજા-કંદમૂળત્યાગ-રાત્રિભોજનત્યાગ વગેરેની બાધા લેનારનું બહુમાન કરાવવું.)

**(૨) પગપાળા પ્રવાસ :** કોઇ પણ મહાત્માની નિશ્રામાં શ્વેત વસ્ત્રધારી યુવાનો પ્રાચીન તીર્થમાં અથવા મોટા દેરાસરે જઇ શકાય. ૩-૫ દિવસનો હોય તો આનંદ થઇ જાય. પગપાળા પ્રવાસમાં સાધુ જીવનની અનુભૂતિ થોડીક થાય. આ પ્રવાસ શક્ય તેટલો શાસ્ત્ર પ્રમાણે કાઢવો. જમાનાવાદ ન આવી જાય તેની કાળજી કરવી જોઇએ.

**(૩) યાત્રા પ્રવાસ :** યુવા મિત્રો યુવાન મંડળના આયોજિત દ્વારા પ્રવાસમાં હોંશે-હોંશે જાય છે. જંગમ અને સ્થાવર તીર્થોની યાત્રાએ શ્રમણોપાસકો જાય છે અને સળગતી સંસારની જંજાળ યાત્રા પ્રવાસના દિવસોમાં ભૂલી જાય છે. પોતે પોતાના આત્મિક સુખનો આંશિક આસ્વાદ કરે છે. યાત્રા પ્રવાસમાં વધુ સ્થાનો કરતાં ૧ તીર્થમાં વધુ સમય રહેવાનો Plan હોવો જોઇએ. જેમાં સ્નાત્રપૂજા - ભાવના - પ્રશ્નોત્તરી - અંતાક્ષરી - યુવામંડળના વિકાસના મુદ્દાઓ વગેરે વિચારણા કર્યા પછી જે કાર્યકર્તાએ વધુ સેવા જે વિષયમાં આપી હોય તેઓનું બહુમાન ગોઠવી શકાય. યાત્રા પ્રવાસમાં રાત્રિભોજન - કંદમૂળાદિ ન વપરાય તે સહજ છે. પરંતુ Hotel આદિના અભક્ષ્ય ભોજનાદિ પણ ન થાય તેની કાળજી લેવી.

**(૪) કસોટી સ્પર્ધાઓ :** ઓછામાં ઓછા મહિને-બે મહિને આવી સ્પર્ધાઓ રાખવી જરૂરી છે. જે વિષયો સંઘમાં જરૂરી હોય તે વિષયોની કસોટી સ્પર્ધા લેવી જોઇએ જેથી પરીક્ષા આપનાર આ વિષયોથી પરિચિત થાય. જે પણ વિષયની સ્પર્ધા લેવાય તે વિષયો ૩-૪-૫ વાર વાંચવા પડે તેથી તે વિષયનું જ્ઞાન સચોટ થઇ શકે. ઘણાને આવી સ્પર્ધામાં ખૂબ રસ હોય છે. Tapovan Pathshala દ્વારા આવી પરીક્ષાઓ મહિનામાં ૨/૩ લેવાય છે.

**(૫) નિબંધ સ્પર્ધા :** સંઘને લગતા અથવા સંઘના સભ્યોને લગતા વિષયો ઉપર નિબંધ સ્પર્ધા ગોઠવીએ તો લોકભોગ્ય બને. દા.ત. માતા-પિતા પ્રત્યે બાળકોની સહજ ફરજ. જો આ વિષય ઉપર નિબંધ લખાય તો સ્વ-પરને ઉપયોગી બને. નિબંધ સ્પર્ધામાં જો ઇનામ વ્યવસ્થિત અપાય તો ઉત્સાહભેર સભ્યો મહેનત કરે. તે અંગેની પુસ્તકો જ્ઞાનભંડારમાંથી શોધે. જેમ જેમ લખતા જાય તેમ તેમ ક્ષયોપશમ ખીલે અને કદાચ સારા લેખક પણ બની શકે. આત્મ જાગૃતિ પણ આવી શકે.

**(૬) જૈન બેન્ડ :** હાલના જે બેન્ડો આવે છે તેમાં ઘણાં નુકશાન દેખાય છે. બોલવાવાળા અને બેન્ડના વ્યક્તિઓ અન્યધર્મી હોય છે. સ્તવનાદિ જે બોલે છે તે પણ એઠાં મોઢે - બૂટ પહેરીને બોલે છે. જે Payment અપાય છે તેનો ઉપયોગ શેમાં થતો હશે ? તે વિચારણીય છે. નાસિકના ઢોલ વગાડે છે. બાજુમાં ઉભેલા મહાત્માને ખૂબ ત્રાસ થાય મોટો અવાજ સાંભળવાથી કાનને નુકશાન થાય. વળી નાસિકના ઢોલવાળાને ૨-૫ હજાર રૂપિયા ભેટ અપાય છે તે પણ અયોગ્ય છે. તેની સામે જૈન બેન્ડ હોય તો તે સાંભળવું મધુર લાગે. જૈન સ્તવનો હોય. તેઓને સાધુ પ્રત્યે સદ્ભાવ હોય. નવા બાળકો જલ્દી બેન્ડમાં જોડાય તે આગળ જતાં ધર્મ પ્રત્યે લાગણીવાળા બને. તેથી જૈન બેન્ડનો સંઘે

આગ્રહ રાખવો જોઇએ. તપસ્વીના પારણા, મ.સા.નો પ્રવેશ વિ. સંઘના કાર્યોમાં ખાસ જૈન બેન્ડ માટે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ.

**(૭) પ્રાસંગિક ભેટ :** જ્યારે પણ પ્રાસંગિક ભેટ આપવી પડે તો શું આપવું ? શક્ય હોય તો જેને ભેટ આપવાની હોય તેને જોઇને નિર્ણય કરવો જોઇએ. જો સારા પુસ્તકો વાંચવાનો રસ હોય તો તેને મનપસંદ વિષયોના પુસ્તકો શોધીને આપી શકાય. નહિતર પૂજાની જોડ-પૂજાની પેટી આદિ ઉપકરણ આપી શકાય. જેનાથી તેના આત્માને ફાયદો થાય તેવી શોધીને Item આપવી જોઇએ.

**(૮) રાત્રિમિલન :** જે સંઘમાં તમે હો, તે સંઘમાં જો શક્ય હોય તો દર રવિવારે ભાવના રાખવી અને ભાવના બાદ અડધો કલાકની નવી પ્રવૃત્તિઓની વિચારણા કરવી જોઇએ. જો સારા વક્તા આજુબાજુમાં મળે તો Once in a month/week માં તેઓના વિચારોને સાંભળવા જોઇએ. તેમાં ખાસ પ્રશ્નોત્તરી કરીને વિષયોને deeply સાંભળવા જોઇએ. જો સારા વક્તા ન મળે તો કોઇક મનપસંદ પુસ્તક ઉપર સાથે બેસીને વાંચવું અને ચર્ચા કરવી. આનાથી ધર્મનો ઉઘાડ થશે. ઘણું નવું જાણવા મળશે. રાત્રિમિલનનો મુખ્ય ફાયદો એકબીજાની સાથે આત્મીયતા બંધાય. આમાં પોતાનો મત સાચો તેની દલીલ ન કરવી પણ મને આવું લાગે છે તેવા નમ્ર ભાવથી પોતાની વાત રજૂ કરવી. કદાચ મારી પણ ભૂલ હોઇ શકે તેવો ભાવ સદા જીવતો રાખવો.

**(૯) તત્વજ્ઞાનના ક્લાસ :** જે સંઘમાં સારા અભ્યાસ કરેલા ધાર્મિક શિક્ષક હોય તેઓની પાસે એક વિષયને વ્યવસ્થિત ચાલુ કરવો જોઇએ. જૈન ધર્મનું તત્વજ્ઞાન અદ્ભુત અને interesting છે. તેથી જો વિષયોનો deeply છણાવટ સાથે અભ્યાસ થાય તો ઘણા જિજ્ઞાસુ વર્ગને પોતાની Skill ખોલવાનો chance મળે. તેથી તત્વજ્ઞાનના ક્લાસ જરૂર છે. જ્યાં આવી વ્યવસ્થા ન હોય

ત્યાં પંડિતો Online ભણાવે છે.

**(૧૦) બ્લેક બોર્ડ યોજના :** દેરાસરમાં બેનર જેટલા વંચાય છે તેના કરતા બ્લેક બોર્ડ ઉપર લખેલ લખાણ વધુ વંચાય છે. જો યુવકમંડળનું પોતાના નામનું બોર્ડ મૂકવા મળે તો તેના ઉપર સુંદર અક્ષરોમાં સુંદર સુવિચાર લખી શકાય. કદાચ આમ ન પણ થાય પણ મનમાં અચૂક વિચાર ઘૂસી જાય. જો લખાણ સરળ અને માર્મિક હોય તો વાંચકોને ખૂબ રસ પડે તે સહજ છે.

૧-૨ વ્યક્તિ જવાબદારી લે તો કદાચ આ સુવિચાર વાંચવા સંઘના સભ્યોની લાઇન લાગે અને કદાચ what'sapp ઉપર પણ ફરતું થઇ જાય. સુવિચારમાં અનેક મહાત્માની પુસ્તકોમાંથી સારા વિચારો તેઓના નામે લખી શકાય.

**૧૧. જૈન યુવકમંડળોનું સંગઠન :** દરેક યુવકમંડળનું કાર્ય જુદું જુદું હોવાથી પ્રાયઃ દરેક સંઘમાં પોતપોતાનું યુવકમંડળ હોય છે. પરંતુ જો યુવકમંડળનું સંગઠન થાય તો ઘણા નવા નવા આયોજનો થઇ શકે. Station પ્રમાણે પણ સંગઠન ઉભું કરી શકાય. અથવા જીલ્લા-રાજ્ય પ્રમાણે પણ સંગઠન ઉભું કરવું જરૂરી છે. જેથી દરેક યુવકમંડળને નવા નવા આયોજનો બીજા યુવકમંડળમાં ચાલતા હોય તે જાણવા મળે અને શક્ય હોય તો પોતાને ત્યાં પણ તે તે પ્રવૃત્તિઓ કરાવી શકે. દર વર્ષે એકવાર વિશિષ્ટ પરિવાર સાથેનું સ્નેહમિલન રાખવું જેમાં દરેક વિભાગના યુવકમંડળના કાર્યો અને નવા વર્ષના વિચારો રજુઆત થાય. તેના માટે preplan થતાં દાનવીરોને લાભ લેવાની ઇચ્છા થાય અને રસ ધરાવનારા બીજા યુવાનો જોડાઇ શકે.

આવી રીતે સંઘના જે ડોક્ટરો, વકીલો, વેપારીઓ, C.A. સિવિલ એન્જિનિયરોનું Federation થાય તો સંઘને અને સંઘના સભ્યોને ઘણા લાભ કરી આપે. દા.ત. ડોક્ટરનું Federation

થાય તો કોઇપણ બીમાર વ્યક્તિને સાચું માર્ગદર્શન મળી શકે અને કદાચ ખર્ચ પણ જૈન સભ્યોને ઓછો આવે. બિનજરૂરી ટેસ્ટીંગ-દવાઓના ખર્ચથી બચી શકે. આવા Federation ઉભા થવા જરૂરી છે. સાધર્મિક Foundation દ્વારા કેટલાક સાધર્મિકનો પ્રશ્ન Solve થયો છે એવી રીતે બીજા બીજા Federation ઉભા થવા જરૂરી છે. શરત એટલી બધાએ Positive રહીને શાસ્ત્રને નજર સમક્ષ રાખીને કાર્ય કરવું જોઇએ. સજ્જન વ્યક્તિ સક્રિય બને તે જરૂરી છે.

**(૧૨) જૈન બેંક :** જૈન સંઘોના દેવદ્રવ્ય-જ્ઞાનખાતા-સાધારણ-જીવદયાની રકમ શેમાં વપરાય છે તે ખ્યાલ છે ? સંઘના ટ્રસ્ટીઓ બેંકાદિમાં રકમ તો મૂકી દે છે પરંતુ ધર્મ-દ્રવ્યનો ઉપયોગ અનેક પાપ કાર્યમાં થાય છે આ એક દુઃખદ ઘટના કહેવાય. કારણ તે બેંકોને જે પૈસા ડીપોઝીટ રૂપે આવેલ હોય તેનો ઉપયોગ વધુમાં વધુ Profit કરવાનો હોય છે. તેને કોઇપણ ધંધા સાથે મતલબ નથી તેને Profit સાથે મતલબ છે. તેથી બેંકો ધર્માદાના રૂપિયા હિંસક કતલખાનાદિમાં પણ રોકાણ કરતાં હોય છે. આ કેવું બેહૂદું લાગે છે. તેથી જો જૈન બેંકમાં જે સંભાળે તેઓ ૭ ક્ષેત્રની વ્યવસ્થાના જાણકાર હોવા જોઇએ અને ધર્માદાનો રૂપિયો ખોટા અને મોટા પાપોમાં ન જાય તેની કાળજી કરતા હોવા જોઇએ. જો કે દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય અને જીવદયાના રૂપિયા તુરંત વાપરી દેવા જરૂરી છે.

**(૧3) I.A.S. તૈયાર કરવા :** યુવકમંડળમાં જે વિશિષ્ટ ક્ષયોપશમ ધરાવતા યુવાનોને I.A.S. બનાવવા પ્રયત્ન કરવો જરૂરી હાલના સમયમાં લાગે છે. કારણ ઘણાબધા કાયદાઓનું final અને આયોજનો I.A.S. કરતાં હોય છે. જો સંપત્તિ હશે પણ સત્તા નહીં હોય તો જૈન સંઘ કંઇ કરી નહીં શકે. જૈનસંઘના કાર્યો માટે

શક્તિશાળી જૈનો રાજકારણમાં પ્રવેશ કરી જૈન સંઘ સાથે આપના પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય. આજે વધુમાં વધુ ટેક્સ જૈનો ચૂકવે છે પણ જૈનોનું વજન કેટલું ??? નાના-મોટા દરેક સ્થાનોમાં જે જૈન જૈનસંઘના કાર્યો માટે કામ કરતાં હોય તેને support આપવો જોઇએ અને રાજકારણમાં રસ ધરાવનાર વ્યક્તિએ નાની-નાની ચૂંટણીમાં ઉભાં રહી દિલ્હી સુધી પહોંચવું પડશે.

**(૧૪) પ્રદર્શન :** ધર્મ અને સંસ્કૃતિનું મૂલ્ય અમૂલ્ય છે. હવે લોકો ધર્મ અને સંસ્કૃતિને બદલે અધર્મ અને વિકૃતિ તરફ આગળ વધી રહ્યા છે ત્યારે ધર્મ અને સંસ્કૃતિની રક્ષા ખૂબ જ જરૂરી છે. તે અંગે શું કરવું ? આ પ્રશ્નનો જવાબ વેપારીઓ પોતાના business માટે exhibition ઠેર-ઠેર રાખે છે. Exhibition shows a real talent and passionate for their liking. રસ ધરાવનાર વ્યક્તિઓ પોતાના ધંધા માટેની વિશિષ્ટ માહિતી મેળવે છે. તેમ ધર્મ અને સંસ્કૃતિ માટે પણ ઠેર-ઠેર પ્રદર્શન રાખીને જાગૃતિ લાવવાની છે. ઘણા બીજા વિકલ્પો પણ છે. હાલ ઘણી websitge-video આદિ દ્વારા આવા કાર્ય ચાલે છે. જો live પ્રદર્શન જોવા મળે તો વધારે effective બને. જેવું કે રાત્રિભોજન કરતો બાળક-પપ્પા-મમ્મી વગેરે બતાવવા અને ત્યારબાદ પરમાધામી જીભ ખેંચતો બતાવી શકાય. આવા અનેક પાપોના live દષ્ટાંત તથા સારા કાર્યોથી થતાં ફાયદા પણ બતાવી શકાય. તેવી રીતે સપ્તવ્યસનના નુકશાનો વગેરે બતાવી શકાય. આમ જીવદયા-તપ-દાન-મહાવીરસ્વામિ ભગવાનની એનિમેશન ફિલ્મ વગેરે પ્રદર્શનનું કાર્ય કરી શકાય. દરેક વિષયોનું મેટર અપીલ કરતું હોવું જરૂરી છે. જોનારના મનમાં ભાવો પેદા કરનાર અને વૈરાગ્ય પેદા કરનાર બનવું જરૂરી છે.

**(૧૫) Thinking Bank :** કોઇપણ યુવકમંડળનો વિકાસ કરવો

હોય તો તેઓ પાસે બુદ્ધિશાળી ભવિષ્યના vision વાળી Team જોઇએ. જો વ્યવસ્થિત Palnning બનાવવામાં આવે તો પરિણામ ફળદાયક બને. વ્યક્તિ એવા જોઇએ જે સંઘની બધી વાતનાં જાણકાર હોય અને હોંશિયાર હોય તો well plan બનાવી શકે. Think Bank is a visionary plan for a future. Think Bank નું કાર્ય Planning બનાવવાનું હોય જ્યારે Planning નો અમલીકરણ ખૂબ જ મહત્વનું છે. ઘણા મુદ્દાઓ માટે Plan બને પણ Practical અમલ ન થાય તો શું ફાયદો ? તેથી અમલીકરણ જ મહત્વનું છે.

**(૧૬) રેલી :** રાજકારણમાં રેલી ઘણી જોવા મળે છે પરંતુ જન-જાગૃતિ માટે ધર્મ અને સંસ્કૃતિના વિચારોને public માં જણાવવા માટે અનેક રચના યુક્ત રેલી જો ફુલ પ્રચાર સાથે કાઢવામાં આવે તો સારી એવી જાગૃતિ આવે. જૈન-જૈનેતર બધાને હકીકત ખ્યાલ આવે અને ઘણા યુવાનો જોડાઇ શકે.

Rallies are a great way to raise visibility and spread swareness to the public.

**(૧૭) માહિતી કેન્દ્ર :** યુવકમંડળ તરફથી જો પોતાના સંઘની કે આજુબાજુના સંઘની માહિતી મળી શકે તો ઘણી રાહત સંઘના સભ્યોને થાય. સંઘના સભ્યોને દેરાસર, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, આયંબિલશાળા, પાઠશાળા, ભોજનશાળા, ધર્મશાળા, જીવદયા, સાધર્મિક-ભક્તિ, વૈયાવચ્ચ વગેરેની માહિતી મેળવવાનાં સ્થાનની વ્યવસ્થા યુવકમંડળની Team દ્વારા થવી જોઇએ.

Information centres are setup to cater their special information needs.

**(૧૮) ચોવિહાર ભવન :** ઘણા વ્યક્તિને અનેક કારણસર બપોરે અને સાંજે વાપરવાની તકલીફ પડે છે. જો આજુબાજુમાં ચોવિહાર

ભવન હોય તો આરાધના સારી રીતે થઇ શકે. ઘણા બહેનોને M.C. પાળવું હોય છે જો વ્યવસ્થા હોય તો તો ખુશીથી M.C. નું પાલન કરી શકે. શુદ્ધ ભોજન કરવાથી મન શુદ્ધ બને અને જીવન શુદ્ધ બને. જો ચોવિહાર ભવનમાં જૈનસંઘના નિયમોનું પાલન થાય તો ધર્મપ્રેમી ભાઇ-બહેન ખૂબ આવે અને શુદ્ધ નાસ્તા-મિઠાઇઆદિ પણ ઘણા લે. ચોવિહાર ભવનમાંથી ટિફિન અપાય તો પણ ૧ ટિફિનમાંથી બે વ્યક્તિનું ભોજન ઘણીવાર પતી જાય છે.

Chouvihar houses are best places to have best quality jain food at minimam rate.

Chouvihar helps to keep our mind, body and souls clean.

**(૧૯) Minority ના benefit સાધર્મિક ભાઈઓને :** જૈનસંઘના ઘણાં બધા વ્યક્તિઓ school fee – collage fee માટે મહેનત કરે છે. જો થોડુંક સમજી લો તો government benefit દ્વારા (minority દ્વારા) નાની મોટી રકમ સાધર્મિકને મળે તો આર્થિક પ્રશ્ન મહદ્ અંશે solve થઇ જાય છે. business માટે કે home loan માટે પણ Government ના benefit ઘણાં છે. ફક્ત તમારામાંથી એક યુવાન benefit શોધે તો સારી રકમ સાધર્મિકોને બચત થાય. તમારા જ પૈસાથી સરકારના દરેક કાર્યો ચાલે છે. તો જરૂરિયાતવાળાએ શા માટે minority નો લાભ ન લેવો ?

One of the biggest benefits from the minority states will be in the education sector both for students as well institutions run by Jains.